Office of the Registrar
A.A.U., ANAND.
27 MAY 2019
INWARD NO. 4195

ક્રમાંક:-પરચ/૧૦૨૦૧૯/૪૮૭/મ.૩
કૃષિ,ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ
ફોન નં. ૦૭૯-૨૩૨૫૦૮૪૯
સચિવાલય, ગાંધીનગર.
E-Mail:- so-m3-agri@gujarat.gov.in
તા. ૨૮ /૦૫/૨૦૧૯

પ્રતિ,

- રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- ખેતી નિયામકશ્રી, કૃષિભવન , સેક્ટર ૧૦, ગાંધીનગર
- પશુપાલન નિયામકશ્રી, કૃષિભવન , સેક્ટર ૧૦, ગાંધીનગર
- બાગાયત નિયામકશ્રી, કૃષિભવન , સેક્ટર ૧૦, ગાંધીનગર
- ખાંડ નિયામકશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, ખેતબજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજ. રાજ્ય જમીન વિકાસ નિગમ,બલરામ ભવન, સેક્ટર ૧૦- a, ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજ. બીજ નિગમ, સેક્ટર ૧૦- a, ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજ. બીજ પ્રમાણન એજન્સી, અમદાવાદ
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજ. એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન, ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજ.વેર હાઉસિંગ કોર્પોરેશન, અમદાવાદ
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજ. ઘેટાં અને ઊન વિકાસ નિગમ લિ. ઉદ્યોગ ભવન, ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજ. કૃષિ બજાર બોર્ડ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- કુલસચિવશ્રી, આણંદ/નવસારી/જૂનાગઢ/દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી/કામધેનૂ યુનિવર્સિટી
- સભ્ય સચિવશ્રી, રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ, કૃષિ ભવન, ગાંધીનગર
- સભ્ય સચિવ સહ સંયુક્ત પશુપાલન નિયામકશ્રી, ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત રાજ્ય સહકારી ટ્રીબ્યુનલ, અમદાવાદ
- મુખ્ય કાર્યપાલક અધિકારીશ્રી, નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ, અમદાવાદ
- મુખ્ય કારોબારી અધિકારી, ગુજરાત લાઈવસ્ટોક ડેવલપમેન્ટ બોર્ડ, કૃષિ ભવન, સેકટર-૧૦/ એ, ગાંધીનગર

વિષય:- પદ્મ એવોર્ડ માટેના નોમીનેશન્સ માટેની ભલામણો મોકલી આપવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અંગેના સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮/૦૫/૨૦૧૯ના પત્ર

ક્રમાંક:-પદક-૧૦૨૦૧૯-જીઓઆઇ-૭૫૦-ઘની નકલ તેના બિડાણ સહિત મોકલી આપતા જણાવવાનું કે પત્રમાં દર્શાવ્યા પ્રમાણેની સૂચનાઓ ધ્યાને લઇ, આપની કચેરી દ્વારા સઘન પ્રયત્નો કરી જુદા જુદા ક્ષેત્રમાં વિશિષ્ટ કામગીરી કરી હોય / સિધ્ધિ હાંસલ કરી હોય તેવી વ્યક્તિ વિશેષ કે સંસ્થાઓ કે જેઓ પદ્મ એવોર્ડ માટે યોગ્ય જણાતા હોય તેમની ભલામણો અત્રે દિન-૧૦માં મોકલી આપવા વિનંતી છે.

વધુમાં આપના દ્વારા મોકલવામાં આવતી દરખાસ્તો અંગ્રેજી અને ગુજરાતીમાં (બાયોડેટા અને રાઇટ અપ સહિત) સોફ્ટ કોપી (વર્ડ તથા પીડીએફ ફોરમેટમાં) સાથે તથા હાર્ડ કોપી ૩ નકલોમાં કોમ્પ્યુટર પર તૈયાર કરીને મોકલી આપવા વિનંતી છે. સાઇટેશનની વિગતો વધુમાં વધુ બે પાના (૮૦૦ શબ્દોથી વધુ નહિં) સુધી મર્યાદિત રહે તે રીતે સંક્ષિપ્તમાં તૈયાર કરીને મોકલવા વિનંતી છે. જો શૂન્ય માહિતી હોય તો પણ નિયત સમયમાં અચૂક જાણ કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(એન. ડી. વાઘેલા)
સેક્શન અધિકારી
કૃષિ,ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ

બિડાણ- ઉપર મુજબ.

નકલ યોગ્ય કાર્યવાહી અર્થે રવાનાં
ઉપ સચિવશ્રી, (મહેકમ)
કૃષિ ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર

**આણંદ કૃષિ યુનિવર્સિટી,**
**આણંદ**

**નકલ સવિનય રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.**

તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓ.

૨/.... તરફ જાણ તેમજ પત્રની વિગતો ધ્યાને લઇ પદ્મ એવોર્ડ માટેની યોગ્ય જણાતા હોય તેવા વ્યકિતની દરખાસ્ત/ભલામણ મોકલવાની રહેતી હોય તો દિન-૦૫માં મોકલી આપવા વિનંતી. આ અંગે જો કોઇ દરખાસ્ત મોકલવાની રહેતી ન હોય તો **"શૂન્ય"** માહિતીનો રીપોર્ટ મોકલી આપવા વિનંતી.

કુલસચિવ

**નં. આકૃયુ/રજિ/સંકલન/ 3259 /૨૦૧૯**
**તા. 3 /૦૬/૨૦૧૯**

**નકલ રવાના:**
કુલસચિવશ્રીના અંગત મદદનીશ તરફ.

જરૂરી / સમય મર્યાદા

ફેક્સ દ્વારા

જવલંત ત્રિવેદી,
અધિક સચિવ (પ્રોટોકોલ)

સત્યમેવ જયતે

અ.સ.પત્રક:પદક-૧૦૨૦૧૯-જીઓઆઇ-૭૫૦-ઘ,
સામાન્ય વહીવટ વિભાગ,
સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૮/૦૫/૨૦૧૯.

માનનીય સાહેબશ્રી,

પદ્મ એવોર્ડ આપવા અંગેની ભલામણો ભારત સરકારને મોકલી આપવા અંગેના ભારત સરકારના ગૃહ મંત્રાલયના સચિવશ્રીનો તા.૨૫/૦૪/૨૦૧૯નો અર્ધ સરકારી પત્ર ક્રમાંક:૧/૧૫/૨૦૧૯-પબ્લિકની નકલ બીડાણ સહિત આ સાથે આજ્ઞાનુસાર મોકલવામાં આવે છે.

૨. પદ્મ એવોર્ડ માટેના નોમીનેશન્સ માટેની ભલામણો મોકલવા માટે ગૃહ મંત્રાલયના ઉકત પત્રમાં દર્શાવ્યા પ્રમાણેની સૂચનાઓ ધ્યાને લઇ, આપના વિભાગ દ્વારા સઘન પ્રયત્નો કરી જુદા જુદા ક્ષેત્રમાં વિશિષ્ટ કામગીરી કરી હોય / સિધ્ધિ હાંસલ કરી હોય તેવી વ્યકિત વિશેષ કે સંસ્થાઓ કે જેઓ પદ્મ એવોર્ડ માટે યોગ્ય જણાતા હોય તેમની ભલામણો આ વિભાગને <u>મોડામાં મોડી તા.૧૫/૦૭/૨૦૧૯ સુધીમાં</u> મળી જાય તે રીતે મોકલી આપવા વિનંતી છે. આ કાર્યવાહી ખાનગી પ્રકારની અને સમય મર્યાદાવાળી હોઇ, આપના વિભાગના સીનીયર અધિકારીને નોડલ અધિકારી તરીકે નીમી આ કામગીરી સોંપવા વિનંતી છે અને તેમનું નામ, ફોન નંબર વિગેરેની જાણ તુરત અત્રે કરવા વિનંતી છે.

3. આપના વિભાગની સંકલિત દરખાસ્તો ગૃહ મંત્રાલયના પત્રમાં જણાવ્યા પ્રમાણે રજૂ કરતા પહેલાં નીચેની બાબતોની કાળજી લેવા પણ વિનંતી છે.

(૧) જે વ્યક્તિઓની ભલામણ કરવામાં આવે તે વ્યક્તિઓએ પોતાના જીવન પર્યંત જાહેર ક્ષેત્રમાં વિશિષ્ટ પ્રદાન કર્યું હોવું જોઇએ.

(૨) પદ્મ એવોર્ડ દેશનો બીજા ક્રમનો ઉચ્ચ એવોર્ડ છે. આથી, જે વ્યક્તિ રાષ્ટ્રિય એવોર્ડ અથવા રાજય એવોર્ડથી સન્માનીત થયેલ હોય તેવા વ્યક્તિની દરખાસ્ત / ભલામણ થવી જરૂરી છે.

(3) સ્ત્રીઓ, સમાજના નબળા વર્ગ, અનુસુચિત જાતિ, અને અનુ સુચિત જનજાતિ, દિવ્યાંગ (અપંગ) વિગેરે વર્ગમાંથી વિશિષ્ટ પ્રદાન કરેલ વ્યક્તિઓની ભલામણ કરવા ખાસ પ્રયત્ન કરવા.

(૪) સામાન્ય રીતે મરણોત્તર એવોર્ડ આપવામાં આવતો નથી. પરંતુ નજીકના સમયગાળામાં વ્યક્તિ મૃત્યુ પામી હોય તો તેવી વ્યક્તિ માટે ખાસ કેસમાં એવોર્ડ માટે ભલામણ કરી શકાય.

(૫) જે વ્યક્તિને પદ્મ એવોર્ડ એનાયત થયો હોય અને પદ્મ એવોર્ડના ઉચ્ચ એવોર્ડ માટે દરખાસ્ત કરવાની હોય તો પાંચ વર્ષના સમય બાદ ઉચ્ચ એવોર્ડ માટે દરખાસ્ત કરી શકાશે પરંતુ ખાસ સંજોગોમાં પદ્મ એવોર્ડના ઉચ્ચ એવોર્ડ માટે છુટ આપવામા આવશે.

ACS AGRI
NO. 999
DT. 14/5/19

૬) સરકારી અધિકારીઓ / કર્મચારીઓ તથા બોર્ડ કોર્પોરેશનના અધિકારી / કર્મચારીઓ સહિત કોઇ પણ અધિકારી / કર્મચારી પદ્મ એવોર્ડ માટે દરખાસ્ત કરી શકશે નહીં. પરંતુ તબીબો અને વૈજ્ઞાનિકો પદ્મ એવોર્ડ માટે દરખાસ્ત કરી શકશે.

૪. પદ્મ એવોર્ડ માટેની દરખાસ્તો On line માહિતી ભારત સરકારને મોકલવાની થાય છે. આથી, આપના દ્વારા મોકલવામાં આવતી દરખાસ્તો ભારત સરકારના પત્રમાં દર્શાવ્યા પ્રમાણે અંગ્રેજી અને ગુજરાતીમાં (બાયોડેટા અને રાઇટ અપ સહિત) સોફ્ટ કોપી (વર્ડ તથા પીડીએફ ફોર્મેટમાં) સીડી સાથે તથા હાર્ડ કોપી બે નકલોમાં કોમ્પ્યુટર પર તૈયાર કરીને મોકલી આપવા વિનંતી છે. સાઇટેશનની વિગતો વધુમાં વધુ બે પાના (૮૦૦ શબ્દોથી વધુ નહિં) સુધી મર્યાદિત રહે તે રીતે તૈયાર કરીને મોકલવા વિનંતી છે.

૫. અન્ય વિગતો સાથેની પુસ્તક સ્વરૂપે કે બે થી વધુ પાના વાળી માહિતી ન મોકલતાં જરૂરીયાત મુજબ જ સંક્ષિપ્ત સ્વરૂપમાં માહિતી અત્રે મોકલવામાં આવે તે જોવા વિનંતી છે. જો શૂન્ય માહિતી હોય તો પણ નિયત સમયમાં તેની જાણ કરવા વિનંતી છે.

૬. આ બાબત ઘણી જ અગત્યની તથા સમયમર્યાદાવાળી હોઇ, અગ્રતા સાથે ઉચ્ચ કક્ષાએ હાથ ધરવા અને યોગ્ય દરખાસ્તો આ વિભાગને સમયસર મળે તેવી ગોઠવણ કરવા અંગત રસ લેવા આપને વિનંતી છે.

કુશળ હશો.

આપનો સ્નેહાધીન
જ.ત્રિવેદી.
(જવલંત ત્રિવેદી)

બીડાણઃ ઉપર મુજબ.

પ્રતિ,
શ્રી સંજય પ્રસાદ
અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રી (નામથી)
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

<u>નકલ સાદર રવાના સમાન કાર્યવાહી માટેઃ-</u>
માનનીય રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી
સર્વે માનનીય મંત્રીશ્રી / રા.ક.મંત્રીશ્રી ના અંગત સચિવશ્રી
સર્વે કલેકટરશ્રી

के० शाही
संयुक्त सचिव
S. K. Shahi
Joint Secretary

सत्यमेव जयते

गृह मंत्रालय
भारत सरकार
MINISTRY OF HOME AFFAIRS
GOVERNMENT OF INDIA
Phone : 011-23092722, Fax : 011-23093720,
E-mail : jscs@mha.nic.in

C S Office
23 6096.
Dt 30-4-19

**D.O. No. 1/15/2019-Public**

**April 25th, 2019**

Respected Sir/Madam,

The Padma Awards, namely, Padma Vibhushan, Padma Bhushan and Padma Shri, are amongst the highest civilian awards of the country. Instituted in 1954, these Awards are announced on the occasion of the Republic Day every year. The award seeks to recognize 'work of distinction' and is given for distinguished and exceptional achievements/service in all fields/disciplines, such as, Art, Literature and Education, Sports, Medicine, Social Work, Science and Engineering, Public Affairs, Civil Service, Trade and Industry etc. All persons without distinction of race, occupation, position or sex are eligible for these Awards. A copy of the statutes and rules governing these Awards is available on the web-site: www.padmaawards.gov.in .

2. It is the convention to invite nominations for these Awards from all States/ UT Governments as also from several other sources to enable broad-based consideration.

3. The nominations/recommendations for the Padma Awards will be received only on the online portal www.padmaawards.gov.in designed for this purpose. The nominations / recommendations should contain all relevant details specified in the format available on the above portal, including a citation in narrative form (maximum 800 words), clearly bringing out the distinguished and exceptional achievements/service of the person recommended in his/her respective field/discipline. While recommending a person online, it should be ensured that all the necessary details are properly filled. The steps to be taken for making online recommendations are available on the above said website www.padmaawards.gov.in .

4. It has been observed in the past that while nominations are received in respect of a large number of persons; there could, however, be several talented persons who are left out of consideration despite exceptional contribution in their field. Often many such persons may get overlooked primarily for the reason that they may not seek publicity or attention in the public domain. It is, therefore, requested to make concerted efforts in identifying such persons whose excellence and achievements deserve to be recognized and make suitable nominations in their favour. It goes without saying that recognition of such deserving persons will only add to the prestige of these Awards.

Continued...

5. In the above background, I request you to kindly send suitable nominations for the Padma Awards to be announced on the occasion of Republic Day, 2020. In this regard, it is suggested that you may constitute a Special Search Committee for identifying, considering and finalizing your recommendations/nominations. While finalizing recommendations, the following points may be kept in view:-

(i) Persons recommended are pre-eminently worthy of the Awards, looking at their life-time achievements. The criteria for selection should invariably be 'excellence plus' and the highest standards should be applied while recommending persons for these awards. The existence of an element of public service in the achievements of the person recommended for the award would be a desirable factor.

(ii) As the Padma Award is the second highest civilian award of the country, it should also be considered whether the recommended person has earlier been given any National award or a State award in his/her respective field.

(iii) Efforts may be made to identify talented persons from amongst women, weaker sections of the society, SCs & STs, divyang persons, etc., who deserve to be considered for the award.

(iv) The decoration is normally not conferred posthumously. However, in highly deserving cases, Government could consider giving an award posthumously if the demise of the person proposed to be honoured has been recent, say within a period of one year preceding the Republic Day on which it is proposed to announce the award.

(v) A higher category of Padma Award can be considered in respect of a person who has earlier been conferred an award, provided a period of at least five years has elapsed. However, in exceptionally deserving cases, a relaxation can also be considered.

(vi) Government servants including those working with PSUs, except Doctors and Scientists, are not eligible for Padma Awards.

6. The online nominations / recommendations for the Padma Awards will begin from **May 1st, 2019** and the last date for nominations is **September 15th, 2019**. The cut-off date may please be strictly adhered to as nominations / recommendations received only during 1st May, 2019 to 15th September, 2019 will be considered. **It may also be noted that the nominations/recommendations received through online mode only will be considered.**

With regards,

Yours sincerely,

**(S. K. Shahi)**

**To Chief Secretaries/Administrators of all States/UTs Government (as per list attached)**